# આસપાસ ચોપાસ

# પાનસ




## ગ્રામ પંચાયત માટે મોકાની લાખો રૂપિયાની જમીન દાનમાં આપી

ગામના સદગૃહસ્થ સ્વ. બુધિયાભાઈ નવસુભાઈ ગવળીએ ગ્રામ પંચાયતના નવા મકાનના નિર્માણ માટે વલસાડ-નાશિક મુખ્ય માર્ગ ઉપર આવેલી મોકાની લાખો કરોડો રૂપિયાની કીમતી જમીન પંચાયતને પંચાયત ઘર બનાવવા દાનમાં આપી હતી.





## દૂધમંડળી પણ કાર્યરત

ગામની દૂધમંડળીમાં કુલ 408 સભ્ય નોંધાયેલા છે. 2024-25ના વર્ષમાં મંડળી દ્વારા ગાય-ભેંસનું દૂધ 16,28,454 લીટર કે જેની ખરીદ કિં.2,66,74933 ચૂકવવામાં આવી છે. સભાસદોને દૂધના પોષણક્ષમ ભાવો મળી રહે એ માટે પ્રમુખ વલ્લભભાઈ પિલ્યાભાઈ ભોંયા, ઉપપ્રમુખ જયંતીભાઈ જાણ્યાભાઈ ભગરીયા અને મંત્રી તરીકે અર્જુનભાઈ ડી. ગવળી અને સમગ્ર વ્યવસ્થાપક સમિતિ સતત કાર્યરત રહે છે. દૂધડેરીના પગલે મહિલાઓના જીવન ધોરણમાં બદલાવ આવ્યો છે. તેઓ પશુપાલન થકી વધારાની આવક મેળવી રહ્યા છે.

## અહીંના લોકો કુકણા અને ધોડિયા બોલી બોલે છે

પાનસ ગુજરાત રાજ્યના દક્ષિણ ભાગમાં આવેલા વલસાડ જિલ્લામાં આવેલા અને મહારાષ્ટ્ર રાજ્યને અડીને આવેલા એવા નાનાપોંઢા તાલુકામાં આવેલું એક ગામ છે. આ ગામમાં પ્રાથમિક શાળા તેમજ આંગણવાડીની સગવડ પ્રાપ્ત છે. પાનસ ગામમાં ૧૦૦ ટકા આદિવાસી લોકો વસે છે. આ ગામ જંગલોથી ભરપૂર ડુંગરાળ પ્રદેશમાં આવેલું છે. અહીંના લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી અને પશુપાલન છે. અહીં નાગલી, ડાંગર, વરાઈ જેવાં ધાન્યો પાકે છે. અહીંના લોકો કુકણા અને ધોડિયા બોલી બોલે છે, જે ગુજરાતી ભાષાથી એકદમ અલગ હોય છે.

## 23 હજાર ઔષધિ રોપા ધરાવતું વન ઔષધીય ઉદ્યાન







દક્ષિણ વન વિભાગના નાનાપોંઢા રેન્જમાં સમાવિષ્ટ પાનસના સહ્યાદ્રી પર્વતમાળામાં આવેલા ધોડી ડુંગર ઉપર 2005માં રાજ્યનું પ્રથમ વન ઔષધિ ઉદ્યાન બનાવવામાં આવ્યું હતું. જ્યાં લુપ્ત થતી વન ઔષધિની જાળવણીનું મહત્ત્વનું સ્થાન બની શકે. તા.24 જાન્યુઆરી-2005માં ઉદ્યાનનું લોકાર્પણ કરાયું હતું. અહીં 23 હજાર ઔષધિ રોપાઓનો ઉછેર કરાયો છે. વલસાડથી 45 અને વાપીથી 35 કિ.મી. દૂર આવેલા વન ઔષધિ ઉદ્યાન હર્બલ ઈકો ટુરિઝમ નિર્દેશનની ઓળખ મેળવી ચૂક્યું છે. નાશ પામી રહેલી અમૂલ્ય જડીબુટ્ટીને જાળવવામાં પણ મહત્ત્વનું સ્થાન બન્યું છે. અગાઉ અહીં મોટી સંખ્યામાં આયુર્વેદિક નિષ્ણાતો, સાથે સ્થાનિક જડીબુટ્ટી જાણકારી ધરાવતા વૈદો આવતા હતા. સેમિનાર થતાં જોકે હવે તે સંપૂર્ણ બંધ થયું છે. તો પ્રવાસીઓ પણ અહીં આવતા હતા તે પણ બંધ થયા છે. ઉદ્યાનને પી.પી. ધોરણે ગ્રામ પંચાયતને આપવામાં આવે તો તેનો સર્વાંગી વિકાસ થઈ શકે છે. હર્બલ સાથે પ્રવાસન સ્થળ તરીકે પણ વિકાસ થઈ શકે તેમ ગામના આગેવાનો સાથે વનસ્પતિ જાણકારી જણાવી રહ્યા છે. નાનાપોંઢા રેંજના ઈનચાર્જ વન અધિકારી અંકિત પટેલે જણાવ્યું કે, લુપ્ત થતી જંગલોની અમૂલ્ય વનસ્પતિઓને જાળવવાનો વન વિભાગનો પ્રયાસ અહીં સફળ થયો છે. આજે પણ વનસ્પતિ શાસ્ત્ર સાથે સંકળાયેલા નિષ્ણાતો, સ્થાનિક જડીબુટી one જાણનારા વૈદો અહીં આવે છે અને વનસ્પતિ મેળવે છે.







**ડેપ્યુટી સરપંચ :** રાયસિંગભાઈ



**તલાટી :** સચિનભાઈ

## વિજ્ઞાન કેન્દ્ર અને બરૂમાળ

ધરમપુરમાં એક વિજ્ઞાન કેન્દ્ર છે, જે આધુનિક વૈજ્ઞાનિક સાધનો સાથે વિજ્ઞાનના વિવિધ નિયમોનું પ્રદર્શન કરે છે, જે માત્ર વલસાડ જિલ્લાથી નહીં પણ મહારાષ્ટ્ર રાજ્ય અને દાદર અને નગર હવેલી કેન્દ્રશાસિત પ્રદેશોમાં વિજ્ઞાનપ્રેમીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની ગયું છે. મહામંડળેશ્વર વિદ્યાનંદજી સરસ્વતી મહારાજ અને તેના સંકુલના આઠ ધાતુઓની મૂર્તિનું ભવ્ય મંદિર "બરૂમાળ" એક યાત્રાળુ સ્થળ તરીકે ઊભરી રહ્યું છે.

## વન વિભાગનું આમ્રવન જોવાલાયક સ્થળ બની ગયું

પાનસ ગામથી આશરે 6 કિ.મી. દૂર આવેલું સામાજિક વન વિભાગનું આમ્રવન જોવાલાયક સ્થળ બની રહ્યું છે. ભારતીય સંસ્કૃતિમાં પૌરાણિક ગ્રંથોમાં માનવ સમાજ અને વૃક્ષ વચ્ચે સહ અસ્તિત્ત્વ પૂર્ણ સંબંધોનો ઉલ્લેખ કરાયો છે. ત્યારે વૃક્ષોનું સાંસ્કૃતિક મહત્ત્વ પરિપેક્ષમાં રાખી સરકાર દ્વારા સાંસ્કૃતિક વનો વિકસાવવામાં આવ્યાં છે. બાલચોંડી ગામમાં નાનાપોંઢા-વાપી માર્ગ ઉપર સામાજિક વનીકરણ વિભાગ દ્વારા 4.71 હેક્ટર વિસ્તારમાં આમ્રવન તરીકે સાંસ્કૃતિક વન વિકસાવવામાં આવ્યું છે. જે પ્રકૃતિપ્રેમીઓ અને મુલાકાતીઓ માટે ટુરિસ્ટ ડેસ્ટિનિટી પોઈન્ટ બની ચૂક્યું છે, જેમાં અલગ અલગ પ્રકારના કેરીની જાતનાં વૃક્ષો, આરોગ્યવર્ધક વૃક્ષો, ગ્રીન હાઉસ, વૃક્ષો અને પર્યાવરણની જાગૃતિ માટે જરૂરી માર્ગદર્શન આપવામાં આવે છે.

## ગરમ પાણીના કુંડ આસ્થાનું કેન્દ્ર બન્યા છે



પાનસ નજીકના અરણાઈ ગામ સ્થિત ગરમ પાણીના કુંડ ધાર્મિક ભક્તો માટે આસ્થાનું કેન્દ્ર બન્યાં છે. ઘણી બધી ધાર્મિક અને પૌરાણિક ઐતિહાસિક માન્યતાઓ અહીં જોડાયેલી છે. સ્થાનિકોના મતે અહીં ભગવાન રામચંદ્રજી માતા સીતા સાથે આવ્યા હતા અને પાણીની જરૂરિયાત ઊભી થતાં ભગવાન રામે જમીનમાં બાણ મારતાં તેમાંથી ગરમ પાણીનો ઝરો ફૂટ્યો હતો. જે આજપર્યંત ચાલુ છે. તો નજીકમાં ઠંડા પાણીનો ઝરો પણ વહેતો રહે છે. જે માટે કુંડ પણ બનાવવામાં આવ્યું છે. અહીં વર્ષભર ભક્તો આવતા રહે છે. અહીં શંકર ભગવાનનું મંદિર, સીતા કુંડ, માવલી માતાનું મંદિર, રામ, હનુમાનજીનું મંદિર આવેલું છે. સ્થાનિક મંદિર ટ્રસ્ટ દ્વારા અહીં ભક્તો માટે સુવિધા ઊભી કરવામાં આવે છે. જો અહીં સરકાર ધાર્મિક સ્થળ તરીકે વિકસાવે તો ભક્તો માટે આસ્થાનું કેન્દ્ર અને સ્થાનિક કક્ષાએ રોજગારીના સ્ત્રોત પણ ઊભા થઈ શકે. સ્થાનિક તાલુકા પંચાયત સભ્ય ભગીરથભાઈ ગાંવિત દ્વારા સમયાંતરે વહીવટી તંત્રમાં રજૂઆત કરી મંદિર પરિસરનો વિકાસ કરવા માંગણી કરવામાં આવે છે.

## જોવા અને ફરવાલાયક સ્થળ વિલ્સન હિલ

વિલ્સન હિલ ગુજરાતના હિલ સ્ટેશનોમાંનું એક સ્ટેશન છે. આ સ્થળ વલસાડના ધરમપુર તાલુકામાં આવેલું છે. હાલમાં પ્રવાસન વિભાગ દ્વારા વિકાસ પ્રોજેક્ટ પણ અહીં વિચારવામાં આવ્યો છે. જો તમે ઉનાળાની ઋતુ દરમિયાન અહીં આવો તો ઠંડા હવામાન અને અહીંની સ્થાનિક પ્રખ્યાત કેરી અને વાનગીઓનો સ્વાદ માણી શકો છો. આ હિલ સ્ટેશનની નજીક ગીચ જંગલમાં પંગારબારી ગામે વન્ય જીવન અભ્યારણ આવેલું છે. વિલ્સન હિલની એવરેજ ઊંચાઇ ૭૫૦મી (૨૫૦૦ ફૂટ) છે. આ સ્ટેશન ધરમપુર તાલુકાથી ૨૭ કિ.મી. દૂર છે. આ સ્થળ આનંદ ઉલ્લાસ તેમજ આજુબાજુના રંગબેરંગી કુદરતી સૌંદર્ય માટે પ્રખ્યાત છે. જે લોકોને ટ્રેકિંગ જેવી પ્રવૃત્તિઓમાં રસ હોય તેમના માટે આ શ્રેષ્ઠ પૈકીનું એક સ્થળ છે.









(માહિતી સંકલન અને તસવીર : ફિરોઝ સિંધી-વલસાડ)